૪૦૭

સામાજીક શૈક્ષણિક પછાતવર્ગના કલાકારોને કલા
કૌશલ્યના સાધનો ખરીદવા માટે નાણાકીય સહાય
આપવા બાબત.

ગુજરાત સરકાર
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંક:સશપ/૧૪૦૩/ન.બા.૧/અ
સચિવાલય, ગાધીનગર
તારીખ :– 2 0 AUG [illegible]

વચાણે લીધો:–

(૧) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતુ, ગુજરાત રાજય, ગાધીનગરનો તા.૩/૧૧/૨૦૦૩નોપત્ર ક્રમાક:વિજાક/જન/ન.બા.૦૪–૦૫/૦૩/૨૮૬૯

<u>ઠરાવ</u>:–

સામાજીક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગોમાં સમાવિષ્ટ જાતિઓ જેવી કે નટ, બજાણીયા, મદારી, વાદી, વાંસફોડા, ભવૈયા, તરગાળા જેવી જાતિઓનો મુખ્ય વ્યવસાય કલા કૌશલ્ય હોય છે. આ જાતિઓ મુખ્યત્વે કલા કૌશલ્યમાં રોકાયેલી હોય છે અને ગામડાઓમાં જાદુગરી, નાટક, કસરત, સંગીત જેવી કલા કૌશલ્ય ધ્વારા પોતાની રોજી રોટી મેળવી ગુજરાન ચલાવતા હોય છે.આ જાતિઓની આર્થિક સ્થિતિ સારી નહોવાથી તેઓ કલા કૌશલ્યના અદ્યતન સાધનો વસાવી શકતા નથી તેથી તેમની કલા કૌશલ્યને જરૂરી પ્રોત્સાહન મળતું નથી, આ લોકોને નાણાંકીય પ્રોત્સાહન આપી અદ્યતન સાધનો વસાવી પોતાની કલા કૌશલ્ય ગામડાઓ ઉપરાંત મોટા શહેરોમા પ્રદર્શિત કરી શકે તે માટે નાણાકીય સહાય આપવાની યોજના સરકારશ્રીની વિચારણમાં હતી.

પુખ્ત વિચારણાને અંતે સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગના લોકોને કલા કૌશલ્યના સાધનો ખરીદવા માટે (વ્યકિતગત) રૂ.૫૦૦૦/– ની સહાય આપવાની યોજના અમલમાં મૂકવાનુ સરકાશ્રીએ ઠરાવેલ છે.

આ યોજનાની શરતો નીચે જણાવ્યા મુજબ રહે છે.

(૧) આ યોજનાનો લાભ ગરીબી રેખા નીચે જીવતા કુટુંબની બી.પી.એલ.યાદીમા સમાવેશ થયેલ હોય તેવા બી.પી.એલ.કાર્ડ ધારકને મળવા પાત્ર થશે.

(૨) આ યોજનાની કામગીરી નિયામકશ્રી વિકસતી જાતિ કલ્યાણ ખાતુ, ગુજરાત રાજય,ગાંધીનગર ધ્વારા કરવાની રહેશે.

(૩) આ યોજનાનો લાભ કોઈ પણ કુટુંબને એકજ વખત મળવાપાત્ર થશે.

૨. ચાલુ નાણાકીય વર્ષના અદાજપત્રમાં આ યોજના અંગે વિભાગ–૧ ની નવી બાબતથી કરેલ રૂ.૧૦.૦૦ લાખની જોગવાઈ સામે ખર્ચ કરવાની આથી વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

<—૨—>

૩. આ યોજનાનો ખર્ચ માંગણી નં–૯૨.અંદાજ પત્રના સદરઃ૨૨૨૫ અનુસૂચિતજાતિઓ/અનુસૂચિત આદિજાતિઓ અને અન્ય પછાતવર્ગોનુ કલ્યાણ–૧૦૨–આર્થિક વિકાસ–બી.સી.કે/૧૦૧ ,એ સામાજી શૈક્ષણિક પછાત વર્ગના કલાકારોને કલા કૌશલ્યનાં સાધનો માટે નાણાકીય સહાય હેઠળ થયેલ જોગવાઈ માથી મેળવવાનો રહેશે.

૩. આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર નાણાંસલાહકારશ્રીની તા.૨૮/૭/૦૪ ની નોંધથી મેળેલ સંમતિ અન્વયે બહાર પાડવામા આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(એસ.આર.ભુરીયા)
ઉપસચિવ
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ,

પ્રતિ,
માનનીય મંત્રીશ્રી (સા.ન્યાય. અને અધિ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતુ, ગાંધીનગર
એકાઉન્ટન્ટ જનરલ, ગુજરાત/અમદાવાદ/રાજકોટ
સર્વે જિલ્લા નાયબ નિયામક (વિ.જા)
સર્વે જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી (વિજા)
નાણા સલાહકારશ્રી સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ,સચિવાલય, ગાંધીનગર
'બ' શાખા સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
વિભાગની સર્વે શાખાઓ
પસંદગી ફાઈલ.
ટીઆરવી